# શાળાના સમારંભના આયોજનમાં શું ધ્યાનમાં રાખશો ?

દરેક વ્યક્તિ કે સંસ્થા પોતાની સારી બાબતોને સમાજ સામે મૂકવા માટે પ્રયત્ન કરે છે. જે સારી બાબત છે. તેમાં પણ શૈક્ષણિક સંસ્થાઓએ આ પ્રયત્નો કરવા જોઇએ અને વધારવા પણ જોઇએ. કારણ કે શૈક્ષણિક સંસ્થાઓ એ તો સમાજનું અભિન્ન અંગ છે. તેણે સમાજમાં રહીને સમાજની મદદ દ્વારા સમાજની જરૂરિયાત પૂર્ણ કરવાની છે. ત્યારે તેના કાર્યો, તેની સફળતા, તેની સમસ્યાઓ વગેરે સમાજ સામે મૂકવી તેની નૈતિક ફરજ છે, તો જ સમાજ તેની પર વિશ્વાસ મૂકશે અને સમાજનો સહકાર સારી રીતે મળશે. આ પ્રયત્નના ભાગ રૂપે શાળા-કોલેજો વિવિધ પ્રકારના કાર્યક્રમો અને સમારંભો કરતા હોય છે, ત્યારે આ કાર્યક્રમો-સમારંભોના આયોજન વખતે કેટલીક બાબતોની સાવધાની રાખવાની હોય છે. જો આ સાવધાની રાખવામાં નહીં આવે તો સમાજનો સહકાર નહી મળે, શાળા-કોલેજ સમાજથી દૂર જશે. આ લેખ લખવાની પ્રેરણા એક શાળા દ્વારા યોજેલ સમારંભમાંથી જ મળી છે.

માંડલ તાલુકાની એક પ્રાથમિક શાળા કે જે તેની સ્થાપનાને સો વર્ષ પૂર્ણ કરી રહી છે ત્યારે એક સમારંભનું આયોજન કરેલ છે. પ્રયત્ન ખૂબ જ સરાહનીય છે, ઇરાદો પણ સારો હશે, પણ આયોજનની નબળાઇને કારણે કે અનુભવના અભાવે સમારંભમાં ક્યાંય શિક્ષણની સુવાસ જોવા મળતી નથી. પરિણામે સંસ્થાના માનવીય પરિબળોની ભાવના સામે પ્રશ્નનાર્થ મૂકાઇ જાય છે. અહીં લેખ લખવા પાછળનો આશય જે તે સંસ્થાને ઉદાહરણરૂપે લઇને શાળા-કોલેજોના ભવિષ્યના આયોજનને સુધારવા માટેનો જ છે. જેથી શૈક્ષણિક સંસ્થાઓ અને શિક્ષક-આચાર્યના મૂલ્યમાં ઘટાડો ન થાય અને સમાજ હોંશે હોંશે સમારંભમાં ભાગ લે. શાળા-કોલેજમાં અભ્યાસ કરતા બાળકો અને વાલી માટે તો પોતાની સંસ્થાનું સહેજ પણ નીચું દેખાય તે તેમને સહન કરવું ખૂબ જ કઠિન હોય છે, ત્યારે સમારંભોનું આયોજન કરતા લોકો એ શાળા અને સમાજના માનવીય પરિબળોની લાગણીને પણ ધ્યાનમાં રાખવી જોઇએ. જો કોઇ સંસ્થા આવો સમારંભ યોજે અને તેના આમંત્રણ કાર્ડમાં ૪૬ જેટલા મહાનુભાવોના નામ લખીને તેમને વ્હાલા થવાનો પ્રયત્ન કરે તે શિક્ષણના કોઇપણ માણસને ન જ ગમે. આ ૪૬ વ્યક્તિંતમાંથી ૯ સાધુસંત, ૨૪ રાજકારણી, ૦૮ સરકારી અધિકારીઓ અને બાકીના વિવિધ ક્ષેત્રના હોય. આ ૪૬ વ્યક્તિંતઓમાંથી એક પણ વ્યક્તિ શિક્ષણ સાથે સીધી રીતે સંકળાયેલ ન હોય તેવા જ વ્યક્તિંતઓને મહાનુભવ તરીકે બોલાવવાથી સમારંભમાંથી શૈક્ષણિક સુવાસ ખરી પડે છે. કાર્ડમાં પણ તમે જ્યારે વિવિધ ક્ષેત્રના વ્યક્તિઓના નામ લખો છો ત્યારે પ્રોટોકોલ સચવાવવો જોઇએ. સંસ્થા વ્યકિતને નથી બોલાવતી તેની કામગીરી કે હોદ્દાને આધારે આમંત્રણ આપવામાં આવતું હોય છે ત્યારે હોદ્દાની ગરીમાને ધ્યાનમાં રાખીને નામને ચોક્કસ ક્રમમાં લખવા જોઇએ. જેમકે પ્રાથમિક શાળાનો જ સમારંભ હોય અને જિલ્લા શિક્ષણાધિકારીનું નામ કાર્ડમાં તમે સામાન્ય માણસની જેમ લખો અને આમત્રંણ આપો તે વ્યવહારુ નથી. શૈક્ષણિક રીતે જોતાં તેમના હોદ્દા અને કામગીરી કરતાં નીચી કામગીરી કરતા વ્યક્તિંતને તમે અતિથિ વિશેષ તરીકે બોલાવો અને જિલ્લા શિક્ષણાધિકારીને તમે માત્ર આમંત્રિત મહેમાન ગણો તે પણ ન જ ચાલે. ઘરમાં લગન હોય ત્યારે ઘરના વડિલ અને સગાં હોય તો જ લગન શોભે, તેમ શાળાના કાર્યક્રમમાં વડિલ

એવા જિલ્લા શિક્ષણાધિકારીને તમે સાઇડમાં રાખો તે ન શોભે, ઉપરાંત સગાં એટલે કે શિક્ષણકારો વગર પણ શાળા-કોલેજના સમારંભો ફિક્કા જ લાગે. જે ચર્ચાસ્પદ બને અને આત્મસંતોષ ન જ આપી શકે. ઉપરાંત આમંત્રિત મહેમાનો વધુ હોય ત્યારે કોના નામ કયા ક્રમે લખવા તેનો ખ્યાલ આયોજનકર્તાને હોવો જોઇએ. આવી બાબતો સાચવશો તો જ આમંત્રિત મહેમાનો કે અતિથિ વિશેષ વ્યકિંતઓ તમારા સમારંભમાં હાજર રહેશે.

સમારંભ યોજતાં પહેલાં કેટલીક બાબતો અંગે પૂર્ણ વિચારણા કરવી ખૂબ જ જરૂરી છે. સૌ પ્રથમ તો સમારંભ યોજવાનો હેતુ સ્પષ્ટ હોવો જોઇએ કે સમારંભ શા માટે યોજવામાં આવે છે. ત્યારબાદ સંસ્થા સાથે સંકળાયેલ તમામ માનવ પરિબળોને સાથે રાખીને વિવિધ પ્રકારના નિર્ણયો લેવા જોઇએ. સંસ્થાને મદદરૂપ થતાં કે ભવિષ્યમાં મદદરૂપ થશે તેવા ચોક્કસ મર્યાદામાં જ વ્યક્તિઓને મહાનુભવ તરીકે આમંત્રણ આપવું જોઇએ. એક સાથે વધારે વ્યક્તિઓને મહાનુભવ તરીકે બોલાવવાથી દરેકને સાચવી શકાશે નહીં, દરેકને મહત્ત્વ પણ આપી શકાશે નહીં. જેથી મોટા ભાગે મહાનુભવો આવવાનું પસંદ નહીં કરે અને આવ્યા પછી અસંતોષ લઇને પાછા જશે. શૈક્ષણિક સંસ્થાઓમાં બને ત્યાં સુધી રાજકારણ સાથે સંકળાયેલ વ્યક્તિઓને મોટા પ્રમાણમાં વારંવાર ન બોલાવો, હા જરૂર પડે બોલાવી શકાય, પણ કોને બોલાવવા, ક્યારે બોલાવવા તેની સાવધાની રાખો. સંસ્થાના કોઇપણ પ્રસંગમાં કોઇ કેળવણીકારને અવશ્ય બોલાવો જ. તેમના વગર સમારંભમાં કદાચ ભવ્યતા આવશે પણ દિવ્યતા નહીં આવે. શૈક્ષણિક સંસ્થામાં શિક્ષણના જ માણસો શોભે. તેઓ દ્વારા જ શૈક્ષણિક વિચારો અને માર્ગદર્શન મળશે. ક્રિકેટના ખેલાડીને પ્રોત્સાહિત કરવા કબડ્ડીના ખેલાડીને આમંત્રણ ન અપાય કે કવિ સંમેલનમાં કોઇ વેપારીને સ્ટેજ પર ન બેસાડાય. તેમ શાળા-કોલેજમાં શિક્ષણના માણસોને ન બોલાવીને અન્ય વ્યવસાયના માણસોને જ મહાનુભવ તરીકે બોલાવીને આયોજનકર્તા પોતાના માનસની નબળાઇ સાબિત કરે છે. સંસ્થામાં બોલાવાતા મહાનુભવો આયોજનકર્તાના સંબંધોને આધારે ન બોલાવાય પણ સંસ્થાને કેટલા ઉપયોગી છે તેને આધારે બોલાવાય. આવેલ મહાનુભાવો આયોજનકર્તાને નહીં પણ સંસ્થાને ભૂતકાળમાં કેટલા ઉપયોગી થયા છે ? આજે કેટલા ઉપયોગી થશે ? તેને આધારે જ બોલાવાય. શૈક્ષણિક સંસ્થામાં આમંત્રિત મહેમાનો તટસ્થ, સમાજ માન્યાને બિનચર્ચાસ્પદ હોવા જોઇએ.. જેથી તેમના વિચારો વર્તનની અસર બાળકો અને વાલીઓ પર હકારાત્મક પડે.

આ ઉપરાંત સમારંભના આયોજન વખતે સમય અને ઋતુનો પણ ખ્યાલ રાખવો જોઇએ. સમારંભમાં હાજર બાળકો, વાલૌઓ કે મહેમાનો કેટલો સમય, ક્યાં, કેવી રીતે બેસીને કાર્યક્રમનો લાભ લઇ શકશે તે પણ વિચારવું જોઇએ. જે હેતુ માટે સમારંભ યોજવામાં આવ્યો છે તે હેતુ આધારિત જ તમામ વર્તનવ્યવહાર હોવા જોઇએ. સમારંભ વખતે હેતુ અગત્યનો છે, કોઇ વ્યક્તિ નહીં. માટે જ ઓછા વ્યકિંતને મહેમાન તરીકે બોલાવવાથી તમે તમારા મુખ્ય હેતુને પકડીને તે માટે પૂરતો સમય ફાળવી શકશો. જો વધારે ભપકો દેખાડવાનો પ્રયત્ન કરશો તો અંતે ઠપકો જ મળશે. કોઇપણ શિક્ષક કે આચાર્યએ ક્યારેય સમાજનો વિશ્વાસ ગુમાવવો ન જોઇએ. પોતાના વિચારો અને સ્વાર્થને છોડીને આયોજનકર્તા કામ કરશે તો સફળતા વધુ મળશે. સંસ્થા અને વિદ્યાર્થીઓ અગત્યના છે, નહીં કે કોઇ વ્યક્તિ.

**dr.ashokpatel@in.com**